ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૭-૨૦13, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

# શિક્ષણક્ષેત્રમાં અરાજકતા

કહેવા પૂરતું ગુજરાતનું શિક્ષણતંત્ર ભલે 'ઉત્તમ' ગણાતું હોય પરંતુ એમાં પ્રવર્તી રહેલી અરાજકતાને કારણે વિદ્યાર્થીઓ સતત દ્વિધામાં રહ્યા કરે છે. એમને પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કર્યા પછી પણ પોતાની યોગ્યતા અને પાત્રતા મુજબની પસંદગીની કોલેજમાં પ્રવેશ મળશે કે કેમ, એ વિશે કોઈ જ ખાતરી નથી હોતી. ક્યારેક તો જાહેર થઈ ગયેલાં એડમિશન એક યા બીજા કારણસર રદ થઈ જાય છે. છેલ્લે ગુજરાત હાઈકોર્ટમાં થયેલ રીટના અન્વયે રાજયસરકાર દ્વારા અપનાવાયેલ પર્સેન્ટાઈલ અને નોર્મલાઈઝેશનની પ્રક્રિયાને ગેરવાજબી ઠેરવી ઈજનેરી અભ્યાસક્રમોમાં ટકાવારી પ્રમાણે નવેસરથી પ્રવેશનું મેરિટ લિસ્ટ બનાવવાનો આદેશ કરાયો છે. આથી જેમણે સરકારી ધારાધોરણ મુજબ ઈજનેરી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી લીધો છે એવા સાઠ હજાર જેટલા વિદ્યાર્થીઓને ફરીથી પ્રવેશ પ્રક્રિયામાંથી પસાર થવું પડે એવી સ્થિતિ સરજાવા પામી છે. રાજય સરકાર દ્વારા અગાઉ મેડિકલ કોલેજમાં પ્રવેશ માટે પણ 'નીટ'નું ધોરણ સ્વીકારાયું હતું. સુપ્રીમ કોર્ટે આ પ્રકારની કેન્દ્રવર્તી પરીક્ષા બિનજરૂરી ગણાવી વિદ્યાર્થીને એની મૂળ પરીક્ષાની ટકાવારી મુજબ જ પ્રવેશ આપવાનો આદેશ કર્યો હતો. ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે પ્રવર્તી રહેલી આવી અંધાધૂંધીથી કુમળી વયનાં બાળકો મેળવવા મથતા તરુણ વિદ્યાર્થીઓ એક પ્રકારની અસલામતીનો અનુભવ કરી રહ્યા છે. ફરી ફરીને એડમિશનની પ્રક્રિયામાંથી પસાર થવું એ કુમળા માનસ માટે અત્યંત પીડાકારક અનુભવ હશે, એમાં શંકાને સ્થાન નથી. કેન્દ્રીય બોર્ડ- સીબીએસઈની ધોરણ-૧૨ની વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓએ રાજય સરકાર દ્વારા અપનાવાયેલ પર્સેન્ટાઈલ પદ્ધતિએ અપાયેલ પ્રવેશ પદ્ધતિને પડકારતી અરજી ગ્રાહ્ય રાખી ગુજરાત હાઈકોર્ટે અગાઉની પર્સન્ટેજ પદ્ધતિ મુજબ જ નવેસરથી મેરિટ લિસ્ટ બનાવવાનો આદેશ કરતાં શિક્ષણતંત્ર ભારે મુસીબતમાં મુકાઈ જવા પામ્યું છે. હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ મેરિટ યાદી નિયમો મુજબની નહીં હોવાનું જણાવતાં ઉમેર્યું છે કે એથી બંધારણની કલમ-૧૪(સમાનતા)નો ભંગ થાય છે. રાજયની એડમિશન કમિટી દ્વારા હાઈકોર્ટના આદેશ મુજબ નવેસરથી મેરિટ લિસ્ટ બનાવતાં વધુ એક મહિનો નીકળી જવાની સંભાવના છે. આમ શિક્ષણ સત્રની શરૂઆતમાં જ અવળા ગણેશ મંડાતાં વિદ્યાર્થીઓમાં હતાશાનો માહોલ સરજાવાની સંભાવના છે. રાજય સરકાર વિદ્યાર્થીઓના હિતમાં સુપ્રીમના શરણે જવાની તૈયારી કરી રહી છે. પરંતુ સામાન્ય રીતે સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટના ચુકાદાને જ બહાલ રાખતી હોઈ વિદ્યાર્થીઓના માથા પર અસલામતીનું ભારણ રહ્યા કરે તેવી શકયતા છે. નવી મેરિટ યાદી બનતાં પર્સન્ટેજના ધોરણે આગળ રહેલા વિદ્યાર્થીઓ અગ્રતા ક્રમે આવી જશે, જેથી હાલનાં એડમિશનોમાં સ્થળ પરિવર્તન થવાની પૂરી સંભાવના છે. સુપ્રીમ કોર્ટ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં 30 જુલાઈ સુધીમાં પ્રવેશ કાર્ય સંપન્ન કરી દેવાનો આદેશ કરેલો હોઈ નવેસરથી મેરિટ લિસ્ટ બનાવતાં એ આદેશનું પણ ઉલ્લંઘન થશે. આવી મૂંઝવણભરી સ્થિતિ સરજાય તે કરતાં દેશભરમાં એક સર્વ સામાન્ય પ્રવેશ પદ્ધતિ વિકસાવવી જોઈએ. શિક્ષણ શાસ્ત્રીઓની તજજ્ઞ સમિતિ દ્વારા અભ્યાસક્રમ પણ એક સરખો ઘડી કાઢવામાં આવે અને ટકાવારી મુજબ મેરિટ લિસ્ટ બનાવાય તો વિદ્યાર્થીને વારંવાર પરીક્ષારૂપી પિશાચિનીની ચુંગાલમાં ફસાવું ન પડે. એક જ પરીક્ષા પૂરતી થઈ રહે અને પરસન્ટેજ કે પરસન્ટાઈલની ખોટી કડાકૂટ પણ ન રહે. પરીક્ષા પદ્ધતિમાં એકસૂત્રતા નહીં આવે ત્યાં સુધી પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ રહેશે જેમાં તંત્રની નીંભર બેજવાબદાર નીતિનો ભોગ વિદ્યાર્થીને જ બનવું પડશે.

## સ્કૂલ ઓફ એચિવર -કુડાસણ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી સંપન્ન





ગુરુભક્તિ અને ગુરુમહિમાને રજૂ કરતો 'ગુરુપૂર્ણિમા' નો પવિત્ર પર્વોત્સવ 'સ્કૂલ ઓફ એચિવર' - કુડાસણ ખાતે તા. ૨૨ જુલાઈના રોજ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. જેમાં પ્રારંભે શાળાના વિદ્યાર્થીઓએ શ્લોકગાન સાથે શાળાના તમામ ગુરુજીઓનું કંકુતિલક અને પુષ્પગુચ્છથી પૂજન-વંદન કર્યું હતું. ગુજરાતી મીડિયમમાં ધો-૧ થી ૫ નાં ૨૫ બાળ કલાકારોએ ગુરુ શિષ્યના સંબંધને ઉજાગર કરતાં પૌરાણિક પાત્રોની આગવી વેશભૂષામાં જે તે પાત્રની સંવાદો દ્વારા ઝલક રજૂ કરી હતી. ત્યારબાદ કાર્યક્રમના રેડ, ગ્રીન, બ્લ્યૂ અને યલો હાઉસના વિદ્યાર્થી ભાઈ બહેનોએ સમૂહમાં નૃત્ય-ગીત અભિનય દ્વારા જાણીતાં ગુજરાતી ફિલ્મોનાં ગીતોના ઢાળમાં ગુરુ મહિમાને વર્ણવતાં ગીતો રજૂ કરી સૌના દિલ જીતી લીધા હતા. તે પછી આ ચાર હાઉસના પ્રતિનિધિ વિદ્યાર્થીવક્તાઓએ ગુરુનું જીવનમાં મહત્ત્વ અને ગુરુશિષ્યના સંબંધો વિષય અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ વક્તવ્યો રજૂ કર્યા હતા. ત્રણ ભાગમાં આયોજિત આ કાર્યક્રમમાં ગુરુશિષ્યના પથદર્શક કાર્યક્રમમાં પ્રથમ ક્રમે ધો-૫ ના ચૌધરી જાનવી, બીજા ક્રમે ધો-૩ ના મેવાડા મિન્ક તથા ત્રીજા ક્રમે ધો-૫ ના વામજા શૈલજા વિજેતા જાહેર થયા હતા. ગુરુવંદના ડાન્સ કોમ્પીટીશનમાં પ્રથમ ક્રમે યલો હાઉસના બાળકલાકારોનું સમૂહનૃત્ય પ્રશંસાને પાત્ર બન્યું જ્યારે વક્તૃત્વ હરીફાઈમાં બ્લ્યૂ હાઉસના ધો-૯ ના પટેલ મીત વિજેતા જાહેર થયા. કો-ઓર્ડીનેટરશ્રી જગતસિંહ ઝાલા તથા સંપાદક-નિરીક્ષક શ્રી હર્ષદભાઈ શાહે નિર્ણાયક તરીકેની સેવાઓ આપી હતી. ગુરુપૂર્ણિમાનું મહત્ત્વસમજાવી આચાર્યશ્રી કે.એસ.પટેલે વિજેતા બાળકલાકારોને પ્રમાણપત્રોથી નવાજ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને એન્કરીંગ શ્રીમતી મૌસમીબેન રાઠોડ તથા ધો-૮ના ગઢવી કશ્યપે કર્યું હતું એમ શાળાના આચાર્યશ્રી અખબારી યાદીમાં જણાવે છે.



મમ્મી, અત્યારે મને સ્કુલે જતા ન રોકીશ અત્યારે જ સ્કુલ જવાનો સાચો ટાઈમ છે... બધા ટીચરો દાળવડાની લારીએ જ હોય છે...!!

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા યોજાયેલા અંગ્રેજી અને વિજ્ઞાન વિષયના પ્રશિક્ષણ વર્ગો

ગાંધીનગર, તા. ૨૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું લક્ષ્ય 'શ્રેષ્ઠ મનુષ્યનું નિર્માણ' છે. એ માટે વિદ્યાર્થી અવસ્થામાં વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ થાય તે જરુરી છે. આવું ત્યારે જ શકય બને કે જયારે વિદ્યાર્થી દરેક વિષયને રસપૂર્વક ભણે. વિષયમાં રુચિ પેદા કરવાનું અને નવીનતા લાવવાનું કામ શિક્ષકે કરવાનું હોય છે.

દરેક વિષયમાં શિક્ષકની આવી સજ્જતા નિર્માણ કરવાનું પડકારરૂપ કામ યુનિવર્સિટીએ આરંભ્યુ છે. વિવિધ વિષયના ૧૪ પ્રશિક્ષણ વર્ગોનું માર્ચ ૨૦૧૪ સુધીનું આયોજન યુનિવર્સિટીએ કર્યું છે. એમાં અંગ્રેજી, વિજ્ઞાન, સંગીત, નાટયકલા દ્વારા શિક્ષણ, ગુજરાતી ટીએલએમ, યોગ, રમતો, વૈદિક ગણિત, નભોદર્શન, ચિત્રકામ, સંસ્કૃત તથા પ્રકૃતિ શિક્ષણ જેવા વિષયોનો સમાવેશ થાય છે.

આ ઉપક્રમે તાજેતરમાં ધોરણ ૬-૭-૮માં ભણાવતા શિક્ષકો માટે દિ. ૧૦



થી ૧૨ જુલાઈ અંગ્રેજી અને દિ. ૧૫થી ૧૭ જુલાઈ વિજ્ઞાન વિષયના પ્રશિક્ષણ વર્ગો યોજાઈ ગયા. અંગ્રેજીના વર્ગમાં ૩૨ અને વિજ્ઞાનના વર્ગમાં ૨૯ શિક્ષકોએ પ્રશિક્ષણ મેળવ્યું. બારડોલી, દાહોદ, કપડવંજ, ભાવનગર, ભાણવડ, જૂનાગઢ, અલિયાબાડા, પાટણ, પાલનપુર, ઈસનપુર મોટા અને ગાંધીનગરથી આ શિક્ષકો આવ્યા હતા.

અંગ્રેજીના વર્ગમાં તજજ્ઞો તરીકે ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા, ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ડૉ. રૂપલબહેન માંકડા, શ્રી રાકેશ પટેલ અનેસુશ્રી માયાબહેન ચૌહાણે સેવા આપી અને વિજ્ઞાનના વર્ગમાં શ્રી ધનંજય રાવલ, શ્રી દેવેન્દ્ર પટેલ અને શ્રી દીપમ મહેતાએ સેવા આપી.

બધા શિક્ષકોમાં અંગ્રેજી વિષય વધારે સરસ રીતે ભણાવવાનો અને વિજ્ઞાનના સિદ્ધાંતોને સરળ સાધનો દ્વારા સરસ રીતે સમજાવવાનો વિશ્વાસ વધ્યો હતો.

## પી.એચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૨૪

એલડીઆરપી-આટીઆર, એમસીએ વિભાગમાં ફરજ બજાવતા કેયુર શાહે 'ડેવલોપમેન્ટ ઓફ જનરલાઈઝ્ડ મોડલ ઓફ મેન્ટનન્સ અને અપગ્રેડેશન ફોર ઈઆરપી



સોફવટવેર સીસ્ટમ' વિષય ઉપર ડૉ. સંજય શાહના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ તૈયાર કર્યો હતો. જેને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચડી પદવી એનાયત કરી હતી.

# કોલવડાની કે. કે. પટેલ વિદ્યાલય ખાતે ગુરૂપુર્ણિમાની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલ કોલવડા ગામની કે.કે. પટેલ વિદ્યાલય ખાતે ગુરૂપૂર્ણિમાના રોજ ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુરૂ શિષ્યના સંબંધો અને તેની પારાયણતા અંગે વિશેષ માહિતી ઉપસ્થિત વિદ્યાર્થીઓને આપી હતી.

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૧૦ વિદ્યાર્થીઓએ ગુરૂના મહિમા દર્શાવતા ગીતો રજુ કર્યા હતા. શાળાના શિક્ષિકા પ્રવિણાબેને ગુરૂપૂર્ણિમા વિશે ગુરૂ શિષ્યના સંબંધઓની વિદ્યાર્થીઓને સવિશેષ માહિતી પુરી પાડી હતી. અન્ય શિક્ષક પ્રકાશભાઈ પટેલે ગુરૂપૂર્ણિમા ઉપર સુંદર ગીત રજુ કર્યું હતું અને ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આચાર્યએ વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં ગુરૂનું મહત્વ, કર્તવ્ય અને તેમના થકી સંસ્કારના સિંચન વડે જીવન સફળ બને તે અંગે આદિગુરુ, ધ્વાત્રેય, એકલવ્યના ગુરૂદ્રોણ, વિવેકાનંદનું ઈતિહાસમાં મહત્વ સમજાવીને ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આભારવિધિ શાળાના સુપરવાઈઝર ચીનુભાઈ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમ ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

## નેશનલ એમેચ્યોર ક્રિકેટમાં એમ.બી. પટેલ સ્કૂલનો વિદ્યાર્થી ઝળક્યો

ગાંધીનગર, તા. ૨૪

પંજાબ ખાતે તાજેતરમાં રચાયેલ ૧૬મી નેશનલ અ મેચ્યોર ક્રિકેટ સ્પર્ધામાં એમ. બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના આશુતોષ શુક્લએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી શાળા તેમજ શહેરનું ગૌરવ વધાર્યું છે.

પંજાબ સ્ટેટ અમેચ્યોર ક્રિકેટ એસોસિએશન તરફથી યોજાયેલ ક્રિકેટ સ્પર્ધામાં અન્ડર-૧૬માં એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ શાળાના આશુતોષ શુક્લએ ભાગ લઈ રનર્સ અપમાં બીજા ક્રમે આવ્યો હતો. આથી શાળા તેમજ પરિવારનું ગૌરવ વધાર્યું હતું. સાથોસાથ આશુતોષના માતૃશ્રી સરિતાબેન પણ આજ સંસ્થામાં ફરજ બજાવે છે.

## બેડમિંટન અન્ડર-૧૪માં વિધી-વિશા ચેમ્પીયન બની





ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં ઈફકો ખાતે રમાયેલ ગાંધીનગર જિલ્લાની બેડમિંગ્ટન ટુર્નામેન્ટમાં અન્ડર-૧૪માં ગાંધીનગર માઉન્ટ કાર્મેલની વિદ્યાર્થીનીઓ વિધિ કે. ભાલોડિયા અને વિશા કે. ભાલોડિયાએ વિજય મેળવી અનોખી સિધ્ધિ હાંસલ કરી છે.આ બંને બહેનોએ અગાઉ અન્ડર-૧૨ની સ્પર્ધા પણ પોતાના નામે મેળવી હતી. આ સ્પર્ધામાં જિલ્લાના ૨૦થી વધુ ખેલાડીઓએ ભાગ લઈ પોતાની રમતનું કૌશલ્ય દાખવ્યું હતું.

વિજેતા બનેલ બંને બહેનોને સંસ્થાના આચાર્યશ્રીએ અભિનંદન આપી અને તેમના રમતકૌશલ્યને બિરદાવ્યું હતું અને હજુ વધુ મહેનત કરી રાજયનું અને શહેરનું નામ રોશન કરે તેવી શુભકામના વ્યકત કરી હતી.

# દેખીતા જગતને સત્ય માનનાર સમાજના આપણે સભ્ય હોવાનું અભિમાન કરવા જેવું નથી

મીરાં જીવનના એવા 'રન-વે' ઉપર હતી જયાંથી એ હવામાં ભક્તિરસને ચાખવા ''ટેક ઑફ'' કરી ચુકી હતી. તેનું વિમાન અવકાશ સામે તાલ મિલાવે છે અને જગત આખું જાણે તુચ્છ અને લધુ બની જાય છે. કંઈ શક્તિથી તે આ ઉડ્ડયનનો પ્રયાસ કરી શકી? વાત માન્યમાં આવે એવી નથી.

મોટા ભાગનો સમાજ તો જીવનના સંઘર્ષો સાથે જન્મે છે અને પછી વિદાય લે છે. કેટલાક વિચારશીલ લોકો જીવનની આરાધના જ્ઞાન અને કેટલાક કર્મથી કરે છે. પણ કેટલાક ને લાગી જાય છે ભક્તિનો ચસકો. શું છે આ ભક્તિ પદારથ? કોઈ એને સમર્પણ તો કોઈ એને આરાધના કહે છે. પણ તેનું મૂળ તો છે ઈશ્વરીય દિવ્યસંસાર સાથે જોડાઈ જવાની તાલાવેલીમાં.

જગતની બલિહારી અને આશ્ચર્ય એ છે કે દરેકને પોતાનો કક્કો હંમેશા સાચો લાગે છે. બળદને તેના બળ માટે તો કોયલને તેના સ્વર માટે ગુમાન છે. ચાલો વાત માની લઈએ કે દરેક પોતાની જગ્યાએ સાચા છે અને દરેકનું સર્જન ઈશ્વરની પેલી લીલા થકી થયું છે. પણ પ્રશ્ન તો ઊભો છે કે કઈ વ્યક્તિ વિકાસની સીડી પણ આગળ છે? ચિંતા નહીં ઘડી ભર શ્વાસ લઈ લઈએ... અને હવે મીરાંને જ બોલવા દઈએ.

● ''પુન્ય કે મારગ ચાલતાં, જખ મારો સંસાર''

● ઉપાડી ગાંસડી વેઠની રે, કેમ નાખી દેવાય?

## ચુપ ચુપ મીરાં રોયે

## ચિંતન સભા

- પ્રા. ડો. રાકેશ પટેલ

એ છે રણછોડરાય શેઠની રે, કેમ નાખી દેવાય રે,
એ છે શાળમશા શેઠની રે, કેમ નાખી...

● કાળી રાતનો કંબલ ઓઢી મીરાં જાગે સૂતી રે;
ઘાયલ કી ગત ઘાયલ જાણે : જગની માયા જૂઠી રે!

મીરાંના શબ્દોમાં રહેલી વેદના પકડવા જેવી છે. તે સંસારને ''જખ મારો સંસાર'' કહી નાખતી નથી, પણ તેની આ અનુભૂતિ છે. દરેક સંસારી રાત દિવસ કોઈને કોઈની ગાંસળી તો ઉપાડે જ છે તે પણ મીરાંને થયું કે જો ગાંસડી ઉપાડવાની જ હોય તો પછી રણછોડરાયની કેમ ન ઉપાડું. એક વાર ભક્તિની લગની લાગી જાય પછી તો ''કાળી રાતનો કંબલ ઓઢી મીરાં જાગે સૂતી રે'' થતા વાર કયાં લાગે છે.

સંસારી શકરાભાઈ અને શકરીબેનને તો સંસાર એટલો મીઠો લાગે છે કે તેમને ઘડી પણ નવરાશ નથી મળતી. જાણે કે આજે આ મેળવી દઉં, કાલે આ પ્રાપ્ત કરી લઉ. સમજી લો કે એક વિશાળ દોડનું આયોજન થયું છે અને બધાનું દોડવાનું તો ચાલું છે પણ કોઈને એ ખબર નથી કે કયાં પહોંચવાનું છે. મીરાંને દોડ આંતરિક અને શકરાભાઈની દોડ બાહ્ય, આટલો જ ફરક છે બસ. જયા મહેતા કહે છે : ''મીરાં એટલે મુક્ત આત્મા, મીરાં એટલે સ્ત્રીનું આધ્યાત્મિક આંદોલન. ત્રણકાળથીયે પર અને પાર એવા શ્રીકૃષ્ણ સાથે સનાતન નાતો બાંધીને પોતાના પ્રેમના હકદાવે કોઈ એક રાજાની રાણી થવાને બદલે મીરાં પરમેશ્વરની પટરાણી થઈ. એ અખંડ વરે વરી. જગતમાં સંતાપને મીરાંએ શાતામાં ફેરવ્યા. ઝેર ભલે પીધું, પણ ઓડકાર અમૃતના ખાધા.''

આજથી સાડા ચારસો વર્ષ પહેલા થઈ ગયેલ મીરાંની ભક્તિને ઓળખવા માટે આપણી પાસે તેના ભજન સિવાય કોઈ સાધન નથી. રાણા રતનસિંહની આ દીકરી ભક્તિભાળનું રતન સાબિત થાય છે. ગુરૂ રઈદાસ તેને જ્ઞાન આપ્યું હતું તેવું કહેવાય છે.

દેખીતા જગતને સત્ય માનનાર સમાજના આપણે સભ્ય હોવાનું અભિમાન કરવા જેવું નથી. થોમસ આલ્વા એડિસન પેલે પારનો પ્રકાશ પામી ગયો હતો. વિજળીની શોધ કરનાર આ મહાનુભાવે કલ્પના કરી હતી કે રાત્રે પણ અજવાળું કરી શકાય છે. લોકોને હાથે અસહ્ય વખત અપમાનિત થયા પછી પણ થોમસ જાણે પ્રકાશની પાછળ પડી ગયો હતો.

મહેલની અગાશી પરથી બાળમીરાંએ ''વરી રહેલ કન્યા''નું દશ્ય જોયું અને તે માને પૂછી બેસે છે કે ''મા મારે કોની સાથે લગ્ન કરવાના છે?'' માએ શ્રીકૃષ્ણની મૂર્તિ દેખાડતા સહજ જવાબ આપ્યો : ''દીકરી તારે તો પેલા કનૈયા જોડે પરણવાનું છે.'' બસ આજની ઘડીને કાલનો દિવસ મીરાં બની ગઈ કનૈયાની દિવાની. આજ તો ખૂબી છે મીરાંની. મીરાંનાં લગ્ન રાણા ભોજરાજ સાથે થયા પછી પણ ન બદલાઈ અને રાણાની ન થઈ. તેને



હેરાન કરવામાં કોઈએ કંઈ બાકી ન રાખ્યું અને મારવા માટેની યુક્તિઓ થઈ.

અકબર રાજા પણ મીરાંની ભક્તિથી આકૃષ્ટ થઈ તાનસેન સાથે ભિખારી બનીને તેના ભજનની સાંભળવા પહોંચી જાય છે. આ છે મીરાંની ખાસિયત. રાણાને ખબર પડતા મીરાંને નદીમાં પડતું મુકવાનો આદેશ કરે છે, મીરાં જેવી ત્યાં પહોંચે છે ત્યાં જ શ્રીકૃષ્ણ પ્રગટ થઈ તેને વૃંદાવન આવી જતા આગ્રહ કરે છે અને મીરાં પહોંચી જાય છે વૃંદાવન. આ બાજુ રાણા ભોજને મીરાંની ભક્તિમાં રહેલ સત્યની પ્રતિતિ થાય છે. મીરાંને પાછી બોલાવી પોતાની ભૂલ સુધારી લે છે. કહેવાય છે મીરાંના અંતિમ સમયે તે દ્વારિકાના મંદિરમાં પોતાનો દેહ છોડી દે છે.

''શૂલ સેજ રાણા નૈ ભેજી, દીજ્યો મીરાં સુલાય
સાંજ ભઈ મીરાં સોવન લાગી, માનોં ફૂલ બિછાય''

જીવનની બધી સમસ્યાઓનાં મૂળમાં છે આસક્તિ. ગુણવંત શાહ સાચે કહે છે : ''આપણી કામનાનો કાચો માલ એટલે આસક્તિ. ગડબડનું ઉદ્ઘાટન આસક્તિથી થાય છે અને પૂર્ણાહૂતિ થાય છે વિનાશથી... આસક્તિનું ઉપસ્થાન વિષયો છે. આ વિષયોની માયા આપણી પાંચ જ્ઞાનેન્દ્રિય દ્વારા પોતાનું સ્વરૂપ પ્રગટ કરતી રહે છે. આંખને જે રૂપાળું હોય તે આકર્ષે છે. કાનને જે મધુર હોય તે ખેંચે છે. જીભને સ્વાદનો અભરખો છે.''

બાદલ દેખ ડરી હો, શ્યામ, મૈં બાદલ દેખ ડરી
શ્યામ મૈં બાદલ દેખ ડરી
કાલી-પીલી ઘટા ઉમડી બરસ્યો એક ધરી
જિત જાઉં તિત પાણી પાણી હુઈ સબ ભોમ હરી
જાકે પિયા પરદેસ બસત હૈ ભીજે બાહર ખરી
મીરા કે પ્રભુ ગિરધર નાગર કીજો પ્રીત ખરી
શ્યામ મૈં બાદલ દેખ ડરી

# ઉપવાસમાં બાળકોને અપાતી ફરાળી વાનગીઓ

● સીંગની લાડુડી

સામગ્રી : શેકેલી સીંગ - ૨૦૦ ગ્રામ
ઘી - ૧૫૦ ગ્રામ
દળેલી ખાંડ - ૨૦૦ ગ્રામ
એક ચમચી એલચી પાઉડર

રીત : શેકેલી સીંગના ફોતરા કાઢીને ભુકો કરવો. એક થાળીમાં ઘી અને દળેલી ખાંડ નાખી ખૂબ ફીલવું આ મિશ્રણ હલકું પડે ત્યાં સુધી ફીણ્યા બાદ તેમાં સીંગનો ભુક્કો ઉમેરતા જવું અને હલાવવું છેલ્લે એલચી પાવડર નાખી હલાવી તેની લાડુડી વાળી લંચ બોક્સમાં આપવી.

● સીંગની બરફી

## બાળકોને લંચબોક્સમાં શું આપશો...

- વીણા પી. વોરા


સામગ્રી :- શેકેલી સીંગ - ૨૦૦ ગ્રામ
મિલ્ક પાઉડર - ૧૦૦ ગ્રામ
દૂધ - એક કપ
ખાંડ - ૨૦૦ ગ્રામ
એલચી પાવડર, ઘી

રીત :- શેકેલી સીંગનો ભુક્કો કરી બાજુમાં રાખો. એક કડાઇમાં ખાંડ અને દૂધ મીક્સ કરી તેની બે તારી ચાસણી બનાવવી, ચાસણી તૈયાર થાય ત્યારે તેના સીંગનો ભુક્કો અને મિલ્ડ પાવડર નાખી હલાવવું, એચલી પાવડર અને એક ચમચી ઘી નાખી હલાવી ઘી લગાડેલી થાળીમાં ઠારી તેના બરફી જેવા પીસ પાડવા અને લંચબોક્સમાં આપવા.

● સ્વીટ સ્માઈલી

સામગ્રી : ઘઉંનો લોટ ૧ કપ
ખજૂર - ૨૦૦ ગ્રામ
બદામનો ભુક્કો - અડધો કપ
તેલ - બે ચમચા
ખાંડ - બે ચમચા
ઘી

રીત :- ખાંડને પાણીમાં ઓગાળી ઘઉંના લોટમાં તેલનું મોણ નાખી ભાખરી જેવો કઠણ લોટ બાંધવો. ખાંડના પાણીથી લોટ બાંધ્યો હોવાથી તે સ્વીટ હશે. આ લોટમાંથી નાની કડક ભાખરી શેકવી. બે ભાખરીમાં બે આંખ સ્ટ્રોથી કરવી. નાક કરવું અને સ્માઇલ આપતા લિપ્સ કટ કરવા.



ખજૂરને એક ચમચી ઘીમાં સાંતળી તેમા બદામને રોસ્ટ કરી તેનો ભુક્કો મીક્સ કરવો.

નીચેનાં પડમાં ભાખરી સાદી રાખવી, ઉપર સ્માઈલી વાળી ભાખરી રાખવી વચ્ચે ખજૂરનું પૂરણ મુકવું. ક્રીમવાળા બિસ્કીટની જેમ.

... તો તૈયાર છે સ્માઈલી જે જમતી વખતે પીરસી શકાય. આ સ્ટોર પણ કરી શકાય છે. ઈ.ટી.વી. સેસા રસોઇ શોમાં પ્રદર્શિત મારી આ વાનગી થોડા ફેરફાર સાથે રજૂ કરી છે.